# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-9

## વિષય : સામાજિક વિજ્ઞાન

## પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 50

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 05 | 25 | 05 | 05 | 10 | 50 |
| ટકા(%) | 10% | 50% | 10% | 10% | 20% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 06 | 09 | 12 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 08 |
| | **કુલ** | **28** | **35** | **50** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય | 06 |
| 2. | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ | 03 |
| 3. | નૂતન વિશ્વ તરફ પ્રયાણ | 05 |
| 4. | ભારતની રાષ્ટ્રીય ચળવળો | 06 |
| 8. | ભારતના રાજ્ય બંધારણનું ઘડતર અને લક્ષણો | 04 |
| 9. | મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | 06 |
| 13. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-I | 05 |
| 14. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-II | 08 |
| 15. | જળપરિવાહ | 07 |
| | **કુલ** | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-9 સામાજિક વિજ્ઞાન

## પ્રથમ પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું માળખું** **ગુણ : 50**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | **15** |
| 1 થી 15 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : **(દરેકનો 1 ગુણ)**<br>1 થી 4 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.<br>5 થી 8 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.<br>9 થી 11 નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.<br>12 થી 13 યોગ્ય જોડકાં જોડો.<br>14 થી 15 નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. | |
| | **વિભાગ-B** | **12** |
| 16 થી 24 | નીચે આપેલા નવ (09) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (06) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 2 ગુણ)**<br>– વિધાન સમજાવો<br>– પારિભાષિક શબ્દો સમજાવો.<br>– તફાવત લખો.<br>– મને ઓળખો.<br>– ભૌગોલિક સ્થળોની ઓળખ<br>– વ્યક્તિ વિશેષ | |
| | **વિભાગ-C** | **15** |
| 25 થી 32 | નીચે આપેલા આઠ (08) પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ (05) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 3 ગુણ)**<br>– તફાવત લખો.<br>– ટૂંકનોંધ લખો.<br>– કારણો સમજાવો.<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ લખો.<br>– રેખાંકિત નકશામાં સ્થળો દર્શાવો. | |
| | **વિભાગ-D** | **08** |
| 33 થી 35 | નીચે આપેલા ત્રણ (03) પ્રશ્નોમાંથી કોઈ પણ બે (02) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 4 ગુણ.)**<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ લખો<br>– સવિસ્તાર પ્રશ્નોના જવાબ લખો | |
| | **કુલ ગુણ** | **50** |

**નોંધ :** (1) પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/નક્શો/આલેખ આધારિત પ્રશ્નો હોય ત્યાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે તે પ્રશ્નના વિકલ્પમાં અન્ય પ્રશ્નો મૂકવાના રહેશે.

(2) પ્રથમ પરીક્ષા માટે જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે.

(3) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-9

વિષય : સામાજિક વિજ્ઞાન

દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 10 | 20 | 10 | 05 | 05 | 50 |
| ટકા(%) | 20 % | 40 % | 20 % | 10 % | 10 % | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 06 | 09 | 12 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 08 |
| | કુલ | 28 | 35 | 50 |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય | 01 |
| 2. | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ | 01 |
| 3. | નૂતન વિશ્વ તરફ પ્રયાણ | 02 |
| 4. | ભારતની રાષ્ટ્રીય ચળવળો | 02 |
| 5. | ભારત : આઝાદી તરફ પ્રયાણ | 06 |
| 6. | 1945 પછીનું વિશ્વ | 04 |
| 8. | ભારત રાજ્ય બંધારણનું ઘડતર અને લક્ષણો | 02 |
| 9. | મૂળભૂત હકો, મૂળભૂત ફરજો અને રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતો | 02 |
| 10. | સરકારનાં અંગો | 05 |
| 11. | ભારતનું ન્યાયતંત્ર | 05 |
| 13. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-I | 01 |
| 14. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-II | 01 |
| 15. | જળપરિવાહ | 03 |
| 16. | આબોહવા | 05 |
| 17. | કુદરતી વનસ્પતિ | 05 |
| 18. | વન્યજીવન | 05 |
| | કુલ | 50 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-9 સામાજિક વિજ્ઞાન

## દ્વિતીય પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | **15** |
| 1 થી 15 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : **(દરેકનો 1 ગુણ)**<br>1 થી 4 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.<br>5 થી 8 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.<br>9 થી 11 નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.<br>12 થી 13 યોગ્ય જોડકાં જોડો.<br>14 થી 15 નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. | |
| | **વિભાગ-B** | **12** |
| 16 થી 24 | નીચે આપેલા નવ (09) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (06) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 2 ગુણ)**<br>– વિધાન સમજાવો<br>– પારિભાષિક શબ્દો સમજાવો.<br>– તફાવત લખો.<br>– મને ઓળખો.<br>– ભૌગોલિક સ્થળોની ઓળખ<br>– વ્યક્તિ વિશેષ | |
| | **વિભાગ-C** | **15** |
| 25 થી 32 | નીચે આપેલા આઠ (08) પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ (05) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 3 ગુણ)**<br>– તફાવત લખો.<br>– ટૂંકનોંધ લખો.<br>– કારણો સમજાવો.<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ લખો.<br>– રેખાંકિત નક્શામાં સ્થળો દર્શાવો. | |
| | **વિભાગ-D** | **08** |
| 33 થી 35 | નીચે આપેલા ત્રણ (03) પ્રશ્નોમાંથી કોઈ પણ બે (02) પ્રશ્નોના જવાબ લખો : **(દરેકના 4 ગુણ.)**<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ લખો<br>– સવિસ્તાર પ્રશ્નોના જવાબ લખો | |
| | **કુલ ગુણ** | **50** |

**નોંધ :** (1) પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/નક્શો/આલેખ આધારિત પ્રશ્નો હોય ત્યાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે તે પ્રશ્નના વિકલ્પમાં અન્ય પ્રશ્નો મૂકવાના રહેશે.

(2) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30 ટકા અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70 ટકા અભ્યાસક્રમ રહેશે.

(3) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-9

## વિષય : સામાજિક વિજ્ઞાન

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 10 | 40 | 10 | 10 | 10 | 80 |
| ટકા(%) | 12.5 | 50 | 12.5 | 12.5 | 12.5 | 100 % |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | કુલ ગુણ |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 09 | 13 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 05 | 08 | 20 |
| | કુલ | **44** | **54** | **80** |

**પ્રકરણદીઠ ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | ભારતમાં બ્રિટિશ સત્તાનો ઉદય | 03 | 03 |
| 2. | પ્રથમ વિશ્વયુદ્ધ અને રશિયન ક્રાંતિ | 03 | 03 |
| 3. | નૂતન વિશ્વ તરફ પ્રયાણ | 03 | 03 |
| 4. | ભારતની રાષ્ટ્રીય ચળવળો | 05 | 05 |
| 5. | ભારત : આઝાદી તરફ પ્રયાણ | 04 | 06 |
| 6. | 1945 પછીનું વિશ્વ | 04 | 08 |
| 7. | સ્વાતંત્ર્યોત્તર ભારત | 05 | 07 |
| 8. | ભારતનાં રાજ્ય બંધારણનું ઘડતર અને લક્ષણો | 03 | 03 |
| 9. | મૂળભૂત હકો, મૂળભૂત ફરજો, રાજનીતિનાં માર્ગદર્શક સિદ્ધાંતો | 04 | 06 |
| 10. | સરકારનાં અંગો | 04 | 06 |
| 11. | ભારતનું ન્યાયતંત્ર | 04 | 07 |
| 12. | ભારતીય લોકશાહી | 04 | 08 |
| 13. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-I | 03 | 03 |
| 14. | ભારત : સ્થાન, ભૂસ્તરીય રચના અને ભૂપૃષ્ઠ-II | 03 | 03 |
| 15. | જળપરિવાહ | 02 | 02 |
| 16. | આબોહવા | 03 | 06 |
| 17. | કુદરતી વનસ્પતિ | 04 | 08 |
| 18. | વન્યજીવન | 05 | 05 |
| 19. | ભારત : લોકજીવન | 05 | 08 |
| 20. | આપત્તિ વ્યવસ્થાપન | 04 | 04 |
| 21. | ભારતીય કૃષિનો ઇતિહાસ અને પ્રાકૃતિક ખેતીનો પરિચય | 02 | 02 |
| 22. | માર્ગ સલામતી, વાહનો અને માર્ગ | 03 | 03 |
| | કુલ | **80** | **109** |

**નોંધ :** ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ - 2024-25**

**ધોરણ-9**

**વિષય : સામાજિક વિજ્ઞાન**

**વાર્ષિક પરીક્ષા**

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | **24** |
| 1 થી 24 | નીચે આપેલા પ્રશ્નોનાં માગ્યા મુજબ જવાબ આપો :<br>24 હેતુલક્ષી પ્રશ્નો **(દરેકનો 1 ગુણ)**<br>1 થી 5 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો.<br>6 થી 10 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.<br>11 થી 15 નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.<br>16 થી 20 યોગ્ય જોડકાં જોડો.<br>21 થી 24 નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. | |
| | **વિભાગ-B** | **18** |
| 25 થી 37 | નીચે આપેલા તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (09) પ્રશ્નોનાં જવાબ આપો : **(દરેકના 2 ગુણ)**<br>– વિધાન સમજાવો.<br>– કારણ આપો.<br>– વ્યક્તિ પરિચય આપો.<br>– મને ઓળખો.<br>– પારિભાષિક શબ્દો/સંકલ્પના સમજાવો.<br>– પ્રશ્નોનું વર્ગીકરણ<br>– ભૌગોલિક/ઐતિહાસિક સ્થળોની ઓળખો.<br>– અનુમાન આધારિત પ્રશ્નો | |
| | **વિભાગ-C** | **18** |
| 38 થી 46 | નીચે આપેલા નવ (09) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (06) પ્રશ્નોનાં જવાબ આપો : **(દરેકના 3 ગુણ)**<br>– ટૂંકનોંધ<br>– તફાવત<br>– ચિત્ર જોઈને જવાબ લખો.<br>– ઉપાયો/અસરો/પરિણામો/પરિબળો<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોનાં જવાબ વિચારીને લખો. | |

| | વિભાગ-D | 20 |
|---|---|---|
| 47 થી 54 | ● પ્રશ્નક્રમાંક 47 થી 53નાં કુલ સાત (07) પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર (04) પ્રશ્નોનાં જવાબ આપો. **(દરેકના 4 ગુણ)**<br>– સવિસ્તાર જવાબ લખો.<br>– ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા (HOTS) પ્રશ્નો<br>– પરિસ્થિતિજન્ય પ્રશ્નોનાં જવાબ લખો.<br>● પ્રશ્નક્રમાંક 54 તમને આપેલ ભારતનાં રેખાંકિત નકશામાં ચાર સ્થળો યોગ્ય સ્થળે દર્શાવો. સ્થળ બતાવી નામ પણ પૂછી શકાય. (પ્રશ્નક્રમાંક 54માં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અન્ય પ્રશ્નો મૂકવા) (દરેકનો 1 ગુણ) | |
| | **કુલ ગુણ** | **80** |

**નોંધ :** પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/નકશો/આલેખ આધારિત પ્રશ્નો હોય ત્યાં દષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે તે પ્રશ્નના વિકલ્પમાં અન્ય પ્રશ્નો મૂકવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-9

## વિષય : સામાજિક વિજ્ઞાન

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** | **નમૂનાનું પ્રશ્નપત્ર** | **ગુણ : 80**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો અને 54 પ્રશ્નો છે.
- કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ છે.
- પ્રશ્નોનાં જમણી બાજુનાં અંક ગુણ દર્શાવે છે.
- પ્રશ્ન નં. 38 અને 54માં ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
- પ્રશ્ન નં. 54 નકશાપૂર્તિનો પ્રશ્ન ફરજિયાત છે.

## વિભાગ - A

- **નીચે આપેલા 1થી 24 પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : (દરેકના 1 ગુણ)** **[24]**
- **નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ સાચા વિકલ્પ પસંદ કરીને આપો :**

(1) ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું સૈન્ય શક્તિશાળી હોવા છતાં નવાબના સૈન્યને પરાજય આપવાનું સરળ ન લાગતાં રોબર્ટ ક્લાઈવે કઈ યોજના બનાવી ?

(A) વફાદારી (B) દગાખોરી

(C) ભાઈબંધી (D) જોડાણવાદી

(2) મેં સ્વાતંત્ર્ય આંદોલન દરમ્યાન જાહેર કરેલું કે "સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ અધિકાર છે અને તેને લઈને જ હું જંપીશ" – આ વાક્ય કોણ બોલે છે તેને ઓળખો.

(A) બાળ ગંગાધર ટિળક (B) સુખદેવ થાપર

(C) લાલા લજપતરાય (D) સરદાર ભગતસિંહ

(3) સ્વતંત્રતા મળ્યા બાદ ભારતના તત્કાલીન ગૃહપ્રધાન તરીકે કોની નિમણૂંક થઈ હતી ?

(A) સુભાષચંદ્ર બોઝ (B) સયાજીરાવ ગાયકવાડ

(C) સરદાર વલ્લભભાઈ પટેલ (D) મોતીલાલ નેહરું

(4) ભારતમાં કેવા પ્રકારની લોકશાહી છે ?

(A) પ્રમુખશાહી (B) ન્યાયતંત્રીય

(C) સંસદીય (D) રાજાનિર્મિત

(5) જો માર્ગ one-way જાહેર કરેલો હોય તો તમે ..........

(A) જે દિશામાં વાહન પ્રતિબંધિત હોય તે દિશામાં જવું.

(B) જે દિશામાં વાહન પ્રતિબંધિત હોય તે દિશામાં ન જવું.

(C) રૉંગ સાઈડ વાહન ચલાવીને જવું.

(D) ગાડી રિવર્સમાં લઈને જઈ શકાય.

- **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :**

(6) અસહકાર આંદોલનના ભાગરૂપે અંગ્રેજી શિક્ષણ છોડી તેનાં સ્થાને રાષ્ટ્રીય શાળાની સ્થાપના થઈ. તે સમયમાં ગાંધીજી દ્વારા ________ વિદ્યાપીઠ સ્થાપના ગુજરાતમાં કરવામાં આવી.
(જામીયા મિલિયા, ગૂજરાત, કાશી)

(7) ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના વડાપ્રધાન જીનપીંગ વચ્ચે ________ અમદાવાદ ખાતે સૌજન્યપૂર્ણ મુલાકાત થઈ.
(ગાંધી આશ્રમ, મહાત્મા મંદિર, રિવરફ્રન્ટ)

(8) દિલીપભાઈની ઉંમર 55 વર્ષની છે. હિમાંશુભાઈની ઉંમર 67 વર્ષ છે અને રાજેશભાઈની ઉંમર 71 વર્ષ છે. આ ત્રણેયમાથી કોણ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બની શકે ?

(A) હિમાંશુભાઈ (B) દિલીપભાઈ (C) રાજેશભાઈ

(9) ઋતુ પ્રમાણે બદલાતી આબોહવા એટલે ________ પ્રકારની આબોહવા કહેવાય છે.
(મોસમી, ઉષ્ણ, સમશીતોષ્ણ)

(10) મધ્યપ્રદેશ રાજ્યના પાટનગર ભોપાલ ખાતે આવેલ યુનિયન કાર્બાઈડ કારખાનું જંતુનાશક દવાઓનું ઉત્પાદન કરતું હતું. ત્યાં ઉત્પાદન પ્રક્રિયામાં ________ નામનો એક ઝેરી વાયુ વપરાતો હતો.
(મીક, ઝીંક, મેગ્નેટ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(11) ભારતીય બંધારણ 26મી નવેમ્બર, 1950નાં દિવસે પસાર કરવામાં આવ્યું.

(12) હેબિયસ કોર્પસ એટલે બંદી પ્રત્યક્ષીકરણ.

(13) સમુદ્ર સપાટીથી ઊંચાઈ વધે તો તાપમાન પણ વધે છે.

(14) અસમનું કાઝીરંગા એ હામુર માટેનું અભયારણ્ય છે.

(15) જો તમે પંજાબની મુલાકાત લેશો તો ત્યાંના મુખ્ય ખોરાક તરીકે મેંદુવડાનો સ્વાદ ચાખશો.

- **યોગ્ય જોડકા જોડો.**

| (A) | (B) |
|---|---|
| (16) બંગાળનું વિભાજન | (A) ક્યૂબાની કટોકટી |
| (17) હૉટ લાઈન | (B) ભૂગર્ભીય ક્રિયાથી રચાયેલું સરોવર |
| (18) વુલર | (C) વાઈસરૉય કર્ઝન |
| (19) પાઈન-દેવદાર | (D) હિમાલયનાં ઊંચા ઢોળાવ |
| (20) લાલ લાઈટ | (E) વાહન સ્ટૉપ કરવું |
| | (F) રામકૃષ્ણ |

- **નીચેના પ્રશ્નોના એક-બે શબ્દમાં જવાબ લખો :**

(21) સંયુક્ત રાષ્ટ્રોએ 10 ડિસેમ્બર, 1948 દિનને કયા દિવસ તરીકે ઉજવવામાં આવે છે ?

(22) અત્યારે લોકો છત્રી અને રેઈનકોટનો ઉપયોગ કરી રહ્યા છે. તો ભારતમાં કઈ ઋતુ અનુભવાતી હશે ?

(23) ભારત સરકારે નવી રાષ્ટ્રીય વનનીતિ ક્યારે જાહેર કરી ?

(24) સ્ટૉપ લાઈન એટલે શું ?

## વિભાગ - B

- **નીચે આપેલા તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (9) પ્રશ્નોના જવાબ લખો : (પ્રશ્ન : 25 થી 37) (દરેકના 2 ગુણ)** **[18]**

(25) ભારતમાં રાજા નિ:સંતાન અવસાન થતાં જે રાજ્યો ડેલહાઉસીએ ખાલસા કર્યા તે રાજ્યોના નામ શોધીને લખો. (પંજાબ, સતારા, અવધ, જેતપુર, કર્ણાટક, ઝાંસી, તાંજોર, સંબલપુર)

(26) ગાંધીજીએ રૉલેટ ઍક્ટને "કાળો કાયદો" શા માટે કહ્યો ?

(27) ડૉમિનિયન સ્ટેટ્સ એટલે શું ?

(28) બગદાદ-કરારની માહિતી આપો.

(29) સંકલ્પના સમજાવો - પ્રદેશવાદ

(30) 'આમુખ એ હોકાયંત્રની ગરજ સારે છે.' વિધાન સમજાવો.

(31) લોક પ્રતિનિધિત્વ ધારાની કલમ 123(3) શું દર્શાવે છે ?

(32) ભારતમાં કેટલા ગૃહોની ધારાસભા છે ? કયા કયા ?

(33) પરિચય આપો - નઝીરી અદાલત

(34) ભારતનું અક્ષાંશીય-રેખાંશીય વ્યાપ લગભગ સરખા છે. સાબિત કરો.

(35) આપેલ ખડકોનું વર્ગીકરણ નીચે આપેલા કોષ્ટક પ્રમાણે કરો.
ગ્રેનાઈટ, કોલસો, બોસાલ્ટ, ચિરોડી

| ક્રમ | આગ્નેય ખડકો | પ્રસ્તર ખડકો |
|---|---|---|
| | | |
| | | |


(36) ભરતીના જંગલો કયા રાજ્યોમાં જોવા મળે છે ?

(37) ભારતીય સંસ્કૃતિ 'ઋષિ-કૃષિની સંસ્કૃતિ' કેમ કહેવાય છે ?

## વિભાગ - C

- **નીચે આપેલા નવ (9) પ્રશ્નોમાંથી કોઈ પણ છ (6) પ્રશ્નોના જવાબ લખો : (પ્રશ્ન : 38 થી 46) (દરેકના 3 ગુણ)** **[18]**

(38) ઉપરના ચિત્રનો અભ્યાસ કરી નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો :



(i) ઉપરનું ચિત્ર કઈ બાબત દર્શાવે છે ?

(ii) UNમાં સૌથી વધુ વખત 'વીટો પાવર'નો ઉપયોગ કયા દેશે કર્યો ?

(iii) અમેરિકા અને સોવિયતસંઘ દ્વારા 'વીટો પાવર" ઉપયોગની તુલના કરો.

**અથવા**

**ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટેના પ્રશ્નો :** (i) વીટો પાવર એટલે શું ? (ii) UNમાં સૌથી વધુ વખત વીટો પાવરનો કોણે ઉપયોગ કર્યો છે ? (iii) અમેરિકા અને રૂસમાં કોણે સૌથી વધુ વીટો પાવર ઉપયોગ કર્યો છે ?


(39) વર્સેલ્સની સંધિને 'જર્મની માટે અન્યાયી સંધિ રહી' તે કેવી રીતે કહી શકાય ? તાર્કિક રીતે સમજાવો.

(40) ભારતીય નાગરિકની મૂળભૂત ફરજો લખો.

(41) લોકઅદાલતો શા માટે આકર્ષણનું કેન્દ્ર બની છે ?

(42) 'ચૂંટણી' એ લોકશાહીની પારાશીશી છે - વિધાન સમજાવો.

(43) નીચે આપેલી આકૃતિનો અભ્યાસ કરી તે કઈ ઘટનાનું નિદર્શન કરે છે તે ઘટના વિશે ટૂંકનોંધ લખો.




21. જૂન 22. ડિસેમ્બર

(44) જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. તેથી વન્યજીવોની સંખ્યામાં ઘટાડો જોવા મળે છે. તેના લીધે પર્યાવરણ ચક્રમાં ખલેલ પહોંચી છે. પર્યાવરણ ચક્ર વ્યવસ્થિત ચાલે તે માટે તમારી દૃષ્ટિએ શું ઉપાયો કરવા જોઈએ ?

(45) ધ્રુવિલ જે વિસ્તારમાં વસવાટ કરે છે ત્યાં પુરૂષો રંગબેરંગી પાઘડી પહેરે છે. તો તે ભારતના કયા ભાગમાં રહેતો હશે ? ત્યાંના લોકોના ખોરાક વિશે જણાવો.

(46) દાવાનળથી બચવા શું કરી શકાય ? તે જણાવો.

## વિભાગ - D

- **નીચેઆપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈ પણ ચાર પ્રશ્નોનાં જવાબ લખો. પ્રશ્ન નં. 54 નકશો ફરજિયાત છે. (દરેકનાં 4 ગુણ)** **[20]**

(47)



આપેલ ચિત્ર જોઈ તેમણે સ્વાતંત્ર્ય ચળવળમાં આપેલ ફાળા વિશે ચર્ચા કરો.

(48) ભારતનું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશ્વરાજકારણમાં પ્રદાનની સમજ આપો.

(49) દીવ, દમણ અને ગોવાનું ભારત સાથે જોડાણ કેવી રીતે થયું ? રાજકીય ઘટના તરીકે તેનું મૂલ્યાંકન કરો.

(50) ભારતના રાષ્ટ્રપતિની ધારાકીય સત્તાઓ અને વહીવટી સત્તાઓ જણાવો.

(51) લોકશાહીના ઘડતરમાં મુદ્રિત માધ્યમોનો ફાળો જણાવો.

(52) દેવદાર, ચીડના લાકડામાંથી રમત-ગમતનાં સાધનો બનાવવામાં આવે છે.ચંદનના વૃક્ષમાંથી સૌંદર્યવર્ધક બનાવટો બનાવવામાં આવે છે. વાંસમાંથી ટોપલા, ટોપલી, રમકડાં, ગૃહસુશોભનની વસ્તુઓ બનાવવામાં આવે છે.જંગલો, લાખ, રાળ, ગુંદર, રબર, મધ નેતર જેવી વન્ય પેદાશો પૂરી પાડે છે.

- ઉપર આપેલ માહિતી પરથી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.
  1. સૌંદર્યવર્ધક બનાવટો બનાવવા કયા વૃક્ષના લાકડાનો ઉપયોગ થાય છે ?
  2. એક ફેરિયો ફળ વેચી રહ્યો છો. તો તે ટોપલી શામાંથી બનેલી હશે ?
  3. તમે એક પરીક્ષાનું ફોર્મ ભરી રહ્યા છો. તમને પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવાનું કહ્યું છે. તો તમે જંગલની કઈ પેદાશનો ઉપયોગ કરશો ?
  4. તમે ક્રિકેટની રમત જોઈ હશે. તેમાં દડાને ફટકારવા માટે જે સાધનનો ઉપયોગ થાય છે તે કયા વૃક્ષના લાકડામાંથી બનેલું હશે ?

**(53)** પશ્ચિમ ભારતના પહેરવેશ અને પૂર્વ ભારતના પહેરવેશની તુલના કરી તફાવત લખો.

**(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થળે દર્શાવો : (દરેકનો 1 ગુણ)**

(1) અંદમાન નિકોબાર દ્વીપ સમૂહો

(2) અરબસાગર

(3) રણ પ્રકારની જમીન રાજસ્થાન

(4) ચંદ્રપ્રભા અભયારણ્ય

- **દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે નીચેના પ્રશ્નોના જવાબ લખો : (દરેકનો 1 ગુણ)**

(1) અંદમાન-નિકોબાર ભારતીય દ્વીપકલ્પની કઈ દિશામાં આવેલું છે ?

(2) અરબસાગર ભારતની કઈ દિશાએ આવેલો છે ?

(3) રણ પ્રકારની જમીન ભારતમાં કયા રાજયમાં જોવા મળે છે ?

(4) ચંદ્રપ્રભા અભયારણ્ય કયા રાજયમાં આવેલ છે ?

---

# શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 9** **વિષય : સામાજિક વિજ્ઞાન**

| પ્રશ્નો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | Competency (ક્ષમતા) | (ગુણ) | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|
| 1 | સાચો વિકલ્પ પસંદ કરે | C-1 | (1) | S-0907 તુલના કરી જવાબ લખે. |
| 2 | યોગ્ય વિકલ્પ પસંદ કરે. | C-4.4 | (1) | S-0908 વ્યક્તિ અને કાર્ય જાણે. |
| 5 | સાચો વિકલ્પ પસંદ કરે. | C-3.3 | (1) | S-0956 નિયમ પાલન કરતા શીખે. |
| 8 | યોગ્ય વિકલ્પ પસંદ કરે. | C-4.2 | (1) | S-0933 ન્યાયતંત્રના હોદ્દાઓને જાણે. |
| 15 | સાચું કે ખોટુંનો ભેદ જાણે | C-3.2 | (1) | S-0945 ભૌગોલિક વિસ્તારો વિશે જાણે. |
| 22 | વિચારીને ટૂંકમાં જવાબ લખે. | C-3.1 | (1) | S-0947 વર્ષાઋતુ તંત્ર જાણે. |
| 25 | વિચારીને ઉત્તર લખે. | C-1.3 | (2) | S-0913 ઘટનાઓ માહિતીનું વર્ગીકરણ |
| 35 | વિચારીને યોગ્ય ઉત્તર લખો | C-6.2 | (2) | S-0901 તથ્યો ઓળખી યોગ્ય વર્ગીકરણ કરે. |
| 38 | ચિત્રનો અભ્યાસ કરી જવાબ લખે. | C-1.3 | (3) | S-0908 વિશ્વની મહત્ત્વની સંસ્થાને જાણે. |
| 39 | તાર્કિક ઉત્તર લખે. | C-1.2 | (3) | S-0908 વૈશ્વીક ઘટનાઓ જાણે ને અર્થઘટન કરે. |
| 43 | આકૃતિ ઓળખી ઉત્તર લખે. | C-3.1 | (3) | S-0904 ઋતુ પરિવર્તન વિશે જાણે. |
| 44 | વિદ્યાનને યોગ્ય રીતે સમજાવે. | C-3.3 | (3) | S-0921 પ્રાણીસૃષ્ટિ વિશે જાણે |
| 45 | તફાવત ઓળખીને લખે. | C-3.3 | (3) | S-0943 પ્રાદેશિક ખોરાક વિશે વિશ્લેષણ કરે. |
| 47 | ચિત્ર ઓળખી વિચારો લખે. | C-2.2 | (4) | S-0908 ભારતની સ્વાતંત્ર્યના વીરો લોકો ને જાણે. |
| 52 | ફકરાને સમજીને જવાબ લખે. | C-3.3 | (4) | S-0921 વનસ્પતિ સૃષ્ટિ વિશે જાણે |
| 54 | નકશા પૂર્તિ કરતા શીખે. | C-3.1 | (4) | S-0902 સ્થળો ભારતના નકશામાં દર્શાવી શકે. |